**અગ્રતા ક્રમ:** **૧૪**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૪/૪૩૨

વિધાનસભા ગૃહમાં જવાબ

આપવાની તારીખ: **૦૬/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક:** ભાવનગર શહેરમાં ફી પરત ચૂકવણી સહાય યોજના

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**

**તથા તેમનો મત વિસ્તાર:** શ્રીમતી સેજલબેન રાવજીકુમાર પંડ્યા (ભાવનગર પૂર્વ)

**ભાવનગર શહેરમાં ફી પરત ચૂકવણી સહાય યોજના.**

***૪૩૨ શ્રીમતી સેજલબેન રાવજીકુમાર પંડ્યા(ભાવનગર પૂર્વ): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થીદીઠ કેટલી રકમની સહાય રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે, અને | (૧) | વિદ્યાર્થી દીઠ રૂ.૧૩૬૭૫/– અથવા જે તે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમીટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થી દીઠ વાસ્તવિક ફી, બે માંથી જે ઓછું હોય તે મુજબની ફી રી–એમ્બર્સમેન્ટ ચુકવવામાં આવે છે. |
| (૨) | વર્ષ ૨૦૨૨–૨૩ માં ભાવનગર શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે ? | (૨) | વર્ષ ૨૦૨૨–૨૩ માં ભાવનગર શહેરમાં ધોરણ–૧ થી ૮ ના કુલ ૮૩૯૨ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. |

---

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૪૩૨**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી સેજલબેન રાવજીકુમાર પંડ્યા(ભાવનગર પૂર્વ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી સેજલબેન રાવજીકુમાર પંડ્યા(ભાવનગર પૂર્વ)**

---

**પ્રશ્ન–(૧) ભાવનગર શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે ખાનગી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને કુલ કેટલી રકમ ચુકવવામાં આવી? તથા**

**(૨) આર.ટી.ઈ હેઠળ પ્રવેશ માટે અરજી કરવા અંગેની નિયત આવક મર્યાદા કેટલી છે?**

જવાબ : ભાવનગર શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઈ હેઠળ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા કુલ ૮૩૯૨ વિદ્યાર્થીઓ માટે **૩.૧૩,૬૭૫/–**ની મર્યાદામાં ૧૧૬ ખાનગી શાળાઓને **રૂપિયા ૮,૩૫,૯૩,૬૪૧/–** અને શૈક્ષણિક **વર્ષ ૨૦૨૩–૨૪** માં **કુલ– ૮૬૧૬** વિદ્યાર્થીઓ માટે **૩.૧૩,૬૭૫/–**ની મર્યાદામાં ૧૧૦ ખાનગી શાળાઓને પ્રથમ સત્રની **રૂપિયા ૪,૭૧,૬૭,૦૧૧/–**ની ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને રકમ ચુકવવામાં આવેલ છે.આ રકમ સીધી શાળાઓના બેન્ક એકાઉન્ટમાં જિલ્લા કચેરી દ્વારા જમા કરાવવામાં આવે છે.

તથા, બીજા સત્રની ફી પરત ચુકવણીની ગ્રાન્ટ સબંધિત શાળાઓને ફાળવવા અર્થેની કાર્યવાહી હાલ જિલ્લા કક્ષાએ ચાલુ છે.

| વર્ષ | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | ચૂકવાયેલ ફી–રીએમ્બર્સમેન્ટ રકમ |
|---|---|---|---|
| ૨૦૨૨–૨૩ | ૧૧૬ | ૮૩૯૨ | ૮,૩૫,૯૩,૬૪૧/– |
| ૨૦૨૩–૨૪ | ૧૧૦ | ૮૬૧૬ | ૪,૭૧,૬૭,૦૧૧/–<br>(બીજા સત્રની ફી પરત ચુકવણીની કાર્યવાહી હાલ ચાલુ છે) |

**જવાબ : (૨)**

➢ **પ્રવેશ માટે આવક મર્યાદાઃ–**

- સિંગલ ગર્લ ચાઈલ્ડ/આંગણવાડી/SC/ST/SEBC/જનરલ કેટેગરી માટે ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦ –/ની વાર્ષિક આવક મર્યાદા લાગુ પડે છે.
- અને, શહેરી વિસ્તાર માટે રૂ .૧,૫૦,૦૦૦ –/ની વાર્ષિક આવકની મર્યાદા લાગુ પડે છે .
- જે માટે અરજદારશ્રીએ સક્ષમ અધિકારી દ્ધારા આપવામાં આવેલ આવકનો દાખલો રજુ કરવાનો હોય છે .

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૪૩૨**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી સેજલબેન રાવજીકુમાર પંડ્યા(ભાવનગર પૂર્વ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી શીવાભાઇ ગોહિલ (મહુવા)**

---

**પ્રશ્ન–(૨) આર.ટી.ઈ એક્ટ–૨૦૦૯ની કલમ ૧૨.૧.સી હેઠળ પ્રવેશ આપવા માટેની કાર્યપદ્ધતી શું છે ?**

**જવાબ :**

- **આર.ટી.ઈ હેઠળ પ્રવેશ આપવાની કાર્યપદ્ધતી નીચે મુજબ છે**
- બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ–૨૦૦૯ ની કલમ ૧૨.૧.સી હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને ૨૫% લેખે રાજ્યમાં આવેલ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં વિનામૂલ્યે પ્રવેશ ફાળવવાની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી હાથ ધરવામાં આવેલ છે .
- આર.ટી.ઈ હેઠળ ફાળવવામાં આવતા પ્રવેશની પ્રક્રિયાને વધુ પારદર્શિત અને સુચારૂ બનાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી ઓનલાઈન વેબપોર્ટલ દ્વારા પ્રવેશ ફાળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- આર.ટી.ઈ એક્ટ–૨૦૦૯ની કલમ ૧૨.૧.સી હેઠળ પ્રવેશ આપવા માટેની જાહેરાત સમગ્ર રાજ્યમાં પ્રકાશિત થતા સમાચારપત્રોમાં આપવામાં આવે છે .ત્યારબાદ, અરજદારોને અરજી કરતા સમયે જરૂરી આધારો સબંધિત કચેરીઓ માંથી મેળવવા પૂરતો સમય આપવામાં આવે છે.
- ત્યારબાદ, પ્રવેશ મેળવવા માંગતા વાલીઓએ ઓનલાઈન વેબપોર્ટલ પર નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની હોય છે .
- ત્યારબાદ, વાલીઓ દ્વારા ઓનલાઈન કરવામાં આવેલ અરજીઓને જિલ્લા કક્ષાએ ચકાસણી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે .

P.T.O

- જિલ્લા કક્ષાએ ઓનલાઈન અરજીઓની ચકાસણી થયા બાદ માન્ય ઠરેલ અરજીઓ માટે વેબપોર્ટલ દ્વારા બાળકોની કેટેગરીની અગ્રતા, વાલીની આવક, અને પસંદ કરેલ શાળાઓને ધ્યાને લઈ ઓનલાઈન પ્રવેશ ફાળવણી નો પ્રથમ રાઉન્ડ બહાર પાડવામાં આવે છે .
- પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં આવેલ બાળકોનાં વાલીઓએ નિયત સમયમર્યાદામાં પ્રવેશ ફળવાયેલ શાળા ખાતે જરૂરી આધાર–પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવવાનો રહે છે .
- પ્રથમ રાઉન્ડની પ્રવેશ ફાળવણીનાં અંતે રાજ્ય ભરમાં ખાલી રહેલ જગ્યાઓ પર પ્રથમ રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહેલ બાળકોને પ્રવેશ મળી રહેવાની તક મળી રહે તે હેતુ થી પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ પૂર્વે ઓનલાઈન ભરેલ અરજીમાં શાળાઓની પુનઃ પસંદગી કરવા સમય આપવામાં આવે છે .
- ત્યારબાદ, પ્રવેશ પ્રક્રિયાનો બીજો રાઉન્ડ બહાર પાડવામાં આવે છે .આમ, વધુને વધુ નબળા અને વંચિત જૂથના બાળકોને આર.ટી.ઈ હેઠળ ખાનગી શાળામાં વિનામૂલ્યે શિક્ષણનો લાભ મળી રહે તે માટે પ્રતિવર્ષ પ્રવેશ પ્રક્રિયાના ત્રણ રાઉન્ડ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવે છે.
- સમગ્ર પ્રવેશ પ્રક્રિયા દરમિયાન અરજદારશ્રીઓને તબક્કાવાર SMS તથા વેબપોર્ટલ માધ્યમથી જાણકારી આપવામાં આવે છે .
- સમગ્ર પ્રવેશ પ્રક્રિયા દરમિયાન જિલ્લા કક્ષાએ વાલીઓનાં પ્રશ્નોના નિરાકરણમાં મદદરૂપ થવા અર્થે હેલ્પ સેન્ટર તેમજ હેલ્પલાઈન નંબરની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૪૩૨**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી સેજલબેન રાવજીકુમાર પંડ્યા(ભાવનગર પૂર્વ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ગૌતમ ચૌહાણ (તળાજા)**

---

**પ્રશ્ન–(૩) આર.ટી.ઈ હેઠળ ગરીબ બાળકોને ખાનગી શાળામાં ભણાવવા માટે રાજ્ય સરકાર તરફથી કઈ કઈ સહાય કોને કોને આપવામાં આવે છે?**

**જવાબ :**

- RTE એક્ટ હેઠળ પ્રવેશ મેળવનાર નબળા અને વંચિત જુથના બાળકોને પુસ્તકો, સ્કુલ બેગ, ગણવેશ, બુટ તથાપરિવહન ખર્ચ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા માટે પ્રતિવર્ષ વિદ્યાર્થીદીઠ રૂ.૩૦૦૦ –/ની સહાય ચુકવવામાં આવે છે.આ સહાય વિદ્યાર્થી/વાલીનાં બેન્ક ખાતામાં સીધી જમા કરાવવામાં આવે છે.
- RTE એક્ટ હેઠળ પ્રવેશ આપનાર શાળાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી વિદ્યાર્થીદીઠ પ્રતિવર્ષ રૂ.૧૩,૦૦૦ –/ની મર્યાદામાં ફી રીએમ્બર્સ ચુકવવામાં આવે છે .તથા, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી આ રકમમાં વધારો કરી રૂ .૧૩,૬૭૫–/ની મર્યાદામાં ફી રીએમ્બર્સ ચુકવવામાં આવે છે એટલે કે, જો કોઇ શાળાની ફી રૂ .૧૩,૬૭૫ –/કરતા ઓછી હોય તો શાળાની વાસ્તવિક વાર્ષિક ફી જેટલી રકમ ચુકવવામાં આવે છે .આ રકમ શાળાનાં બેન્ક ખાતામાં સીધી જમા કરાવવામાં આવે છે.

## પૂરક માહિતી

**પ્રશ્ન–(૧) ભાવનગર શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે આર.ટી.ઈ હેઠળ ખાનગી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી સહાય યોજના હેઠળ વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ ચુકવવામાં આવી?**

જવાબ : ભાવનગર શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઈ હેઠળ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા નબળા અને વંચિત જુથના કુલ ૮૩૯૨ બાળકોને પુસ્તકો, સ્કુલ બેગ, ગણવેશ, બુટ તથા પરિવહન ખર્ચ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા વિદ્યાર્થી સહાય રૂ. ૩૦૦૦/– લેખે રૂપિયા ૨,૫૧,૭૬,૦૦૦/– અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માં કુલ– ૮૬૧૬ બાળકોને રૂપિયા ૨,૫૮,૪૮,૦૦૦ /– ની વિદ્યાર્થી સહાય યોજના હેઠળ બાળકોને રકમ ચુકવવામાં આવેલ છે.આ રકમ સીધી બાળક/વાલીશ્રીના બેંક એકાઉન્ટમાં જિલ્લા કચેરી મારફતે ચુકવવામાં આવે છે.

| વર્ષ | વિદ્યાર્થી સંખ્યા | ચૂકવાયેલ વિદ્યાર્થી સહાયની રકમ |
|---|---|---|
| ૨૦૨૨–૨૩ | ૮૩૯૨ | ૨,૫૧,૭૬,૦૦૦ /– |
| ૨૦૨૩–૨૪ | ૮૬૧૬ | ૨,૫૮,૪૮,૦૦૦/– |

**પ્રશ્ન–(૨) રાજ્ય સરકાર દ્વારા આર.ટી.ઈ હેઠળ પ્રવેશ અન્વયે શાળાઓને ચૂકવવાની થતી ફી પરત ચૂકવણીની રકમમાં કોઈ વધારો કરવામાં આવ્યો છે કે કેમ? જો હા, તો કેટલો?**

જવાબ : આર.ટી.ઈ હેઠળ પ્રવેશ મેળવનાર નબળા અને વંચિત જુથના બાળકો અન્વયે શાળાઓને ચૂકવવાની થતી ફી પરત ચૂકવણીની રકમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી વિદ્યાર્થીદીઠ રૂ.૧૦,૦૦૦/– થી વધારી રૂ. ૧૩,૦૦૦/– કરવામાં આવેલ છે.

તથા, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી આ રકમ રૂ. ૧૩,૦૦૦/– થી વધારી રૂ. ૧૩,૬૭૫/– કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–(૩) આર.ટી.ઈ એક્ટ હેઠળ પ્રવેશ મળેવેલ વિદ્યાર્થીને શાળા ફેરબદલી કરી આપવાની જોગવાઈ છે ? અને જો હા, તો કેવી જોગવાઈ કરવામાં આવેલ છે ?**

જવાબ :

- હા જી,
- રાજ્ય સરકાર દ્વારા જે વાલીને મુખ્યમંત્રી આવાસ યોજના કે અન્ય સરકારી આવાસ યોજનામાં આવાસ મળેલ હોય, અન્ય સંજોગોના કારણે રહેઠાણ બદલવું પડ્યુ હોય,
- અંગ્રેજી કે અન્ય માધ્યમમાં પ્રવેશ બાદ ભણવામાં મુશ્કેલી હોય,
- ગંભીર માંદગી જેમ કે હ્રદય, કીડની, કેન્સર જેવી ગંભીર બિમારી હોય,
- માતા–પિતાના છૂટાછેડા, માતા–પિતા પૈકી એકનું અવસાન વગેરે કારણોસર જરૂરી આધાર–પુરાવા મેળવી જિલ્લાની અંદર તેમજ અન્ય જિલ્લામાં શાળા ફેરબદલી કરી આપવામાં આવે છે.

| શૈ. વર્ષ | જિલ્લાની આંતરીક શાળા ફેરબદલનો લાભ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા | અન્ય જિલ્લા માંથી આવેલ વિદ્યાર્થીઓને શાળા ફેરફારનો લાભ આપેલ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૨ | ૦૪ |
| ૨૦૨૨–૨૩ | ૦૨ | ૧૪ |
| ૨૦૨૩–૨૪ | ૭૩ | ૮ |

અગ્રતા ક્રમાંકઃ- (૧૪)

તા.૦૬-૦૨-૨૦૨૪

(૧) શ્રી શીવાભાઇ ગોહિલ (મહુવા)

(૨) શ્રી ગૌતમ ચૌહાણ (તળાજા)